તારીખ : 21/09/2026




કે.ડી. NEWS

# સદ્દભાવના ગ્રુપના ગણપતિ મહોત્સવમાં આસ્થા અને સેવાનો અનોખો સંગમ






# 200 ફૂટની બરફની ગુફામાં અમરનાથના દર્શન માટે હજારો ભાવિકો ઉમટ્યા



# મહા રક્તદાન કેમ્પમાં 283 બોટલ રક્ત એકત્રિત વિનામૂલ્યે ફુલ બોડી ચેકઅપ કેમ્પ યોજાયો



# સદભાવના ગ્રુપ દ્વારા સાવરકુંડલાના મહારાજા દુંદાળા દેવની સન્મુખ બ્લડ ડોનેશન કેમ્પમાં 283 રક્તદાતાઓ જોડાયા



સાવરકુંડલા: સદ્દભાવના ગ્રુપ દ્વારા આયોજિત ગણપતિ મહોત્સવમાં ધાર્મિક આસ્થા સાથે સેવાભાવનો સુંદર સમન્વય જોવા મળ્યો હતો. ગણપતિ મહોત્સવ અંતર્ગત ભવ્ય અમરનાથ દર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ માટે આશરે 200 ફૂટ લાંબી બરફની ગુફા તૈયાર કરવામાં આવી હતી, જે ભાવિકો માટે આકર્ષણનું કેન્દ્ર બની હતી.અમરનાથના દર્શનનો લાભ લેવા માટે સાવરકુંડલા શહેર તેમજ આસપાસના વિસ્તારોમાંથી હજારોની સંખ્યામાં ભાવિક ભક્તો અને ધર્મપ્રેમી જનતા ઉમટી પડી હતી. બરફની ગુફામાં અમરનાથના દર્શન કરી ભાવિકોએ ધન્યતા અનુભવી હતી.આ ધાર્મિક આયોજનની સાથે સદ્દભાવના ગ્રુપ દ્વારા મહા રક્તદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. રક્તદાતાઓએ ઉત્સાહપૂર્વક રક્તદાન કરી સેવાકાર્યમાં યોગદાન આપ્યું હતું. આ કેમ્પમાં કુલ 283 બોટલ રક્ત એકત્રિત થયું હતું. સદ્દભાવના ગ્રુપ દ્વારા રક્તદાન કરનાર તમામ રક્તદાતાઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.સાથોસાથ લોકોના આરોગ્યને ધ્યાનમાં રાખીને વિનામૂલ્યે ફુલ બોડી ચેકઅપ કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં લોકોએ આરોગ્ય તપાસનો લાભ લીધો હતો.ધાર્મિક ભાવના સાથે સેવાકીય પ્રવૃત્તિઓને જોડતા સદ્દભાવના ગ્રુપના આ આયોજનને ભાવિક ભક્તો અને ધર્મપ્રેમી જનતાનો ઉત્સાહભેર પ્રતિસાદ મળ્યો હતો.



કે.ડી. NEWS

તારીખ : 21/09/2026

# સાવરકુંડલા સરકારી હોસ્પિટલમાં ૯૦ વર્ષીય દર્દીનું અત્યાધુનિક સ્ટેપલર પદ્ધતિથી સફળ ઓપરેશન

## તજજ્ઞ તબીબોની ટીમ દ્વારા જટિલ ગણાતી સર્જરી સફળતાપૂર્વક પૂર્ણ કરાઈ



સાવરકુંડલા સરકારી હોસ્પિટલ ખાતે તજજ્ઞ તબીબોની ટીમ દ્વારા વિવિધ પ્રકારની ગંભીર અને જટિલ બીમારીઓ ધરાવતા દર્દીઓને ઉત્તમ અને આધુનિક સારવાર આપવામાં આવી રહી છે. હોસ્પિટલમાં ઉપલબ્ધ તબીબી સુવિધાઓ અને નિષ્ણાત તબીબોની સેવાથી અનેક દર્દીઓને લાભ મળી રહ્યો છે. ત્યારે વધુ એક નોંધપાત્ર કિસ્સામાં ૯૦ વર્ષીય વૃદ્ધ દર્દીનું અત્યાધુનિક પદ્ધતિથી સફળ ઓપરેશન કરવામાં આવ્યું હતું.મળતી માહિતી મુજબ, મતીરાળા ગામના ૯૦ વર્ષીય શંભુભાઈ રામજીભાઈ ઝીણા જાજરૂમાં લોહી પડવું, મસા બહાર આવવા તેમજ અસહ્ય પીડાની ફરિયાદ સાથે સાવરકુંડલા સરકારી હોસ્પિટલ ખાતે સારવાર માટે આવ્યા હતા. તપાસ દરમિયાન તેમને ગ્રેડ-4 પાયલ્સની ગંભીર સમસ્યા હોવાનું જણાયું હતું.દર્દીની ઉંમર ૯૦ વર્ષ હોવા ઉપરાંત હૃદયની નબળી સ્થિતિ સહિતની બાબતોને ધ્યાનમાં લેતા સર્જરી કરવી તબીબી રીતે પડકારરૂપ હતી. તેમ છતાં સાવરકુંડલા સરકારી હોસ્પિટલના તજજ્ઞ તબીબોની ટીમ દ્વારા જરૂરી સાવચેતી અને આધુનિક તબીબી પદ્ધતિનો ઉપયોગ કરી વૉર્ડ નં. 4માં ગ્રેડ-4 પાયલ્સનું સ્ટેપલર પદ્ધતિથી સફળતાપૂર્વક ઓપરેશન કરવામાં આવ્યું હતું.આ સર્જરીમાં સર્જન ડૉ. ઉમંગ પટોળીયા, એનેસ્થેટિક તરીકે ડૉ. અમર, ડૉ. હસમુખ અને ડૉ. કુલદીપ તેમજ નર્સિંગ સ્ટાફમાંથી શાંતાબેન મકવાણાએ પોતાની અમૂલ્ય સેવાઓ આપી હતી.ઓપરેશન થિયેટર ઈન્ચાર્જ મહેશ બોરડે જણાવ્યું હતું કે, વૃદ્ધ દર્દીની ઉંમર અને અન્ય તબીબી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સમગ્ર તબીબી ટીમ દ્વારા વિશેષ તકેદારી રાખવામાં આવી હતી અને અત્યાધુનિક સ્ટેપલર પદ્ધતિથી સર્જરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી.સાવરકુંડલા સરકારી હોસ્પિટલમાં તજજ્ઞ તબીબો દ્વારા આધુનિક તબીબી સુવિધાઓ સાથે દર્દીઓને ગુણવત્તાસભર સારવાર મળી રહી હોવાનો આ કિસ્સો તેનું એક વધુ ઉદાહરણ બન્યો છે. હોસ્પિટલની તબીબી ટીમની કામગીરીથી દર્દીઓમાં પણ સરકારી આરોગ્ય સેવાઓ પ્રત્યે વિશ્વાસ વધુ મજબૂત બની રહ્યો છે.

તારીખ : 21/09/2026

# સાવરકુંડલા સરકારી હોસ્પિટલ ખાતે જટિલ ઓપરેશન સફળતાપૂર્વક કરાયું



સાવરકુંડલા સરકારી હોસ્પિટલ ખાતે તબીબોની નિષ્ણાત ટીમ દ્વારા જટિલ તબીબી સમસ્યાઓના સફળતાપૂર્વક નિરાકરણ લાવવાની કામગીરી સતત કરવામાં આવી રહી છે. આ જ શ્રેણીમાં એક મહિલાનું અત્યંત જટિલ ઓપરેશન સફળતાપૂર્વક કરવામાં આવ્યું છે.મળતી માહિતી મુજબ, એક મહિલાએ અગાઉ બે સંતાનોના જન્મ બાદ કુટુંબ નિયોજન માટે સ્ત્રી વંધ્યીકરણનું ઓપરેશન કરાવ્યું હતું. કમનસીબે ત્યારબાદ તેમના બંને સંતાનોનું અવસાન થયું હતું. જેના પગલે આ બહેનને ફરી એક વખત માતૃત્વ ધારણ કરવાની અદમ્ય ઈચ્છા હતી. જોકે, અગાઉ કરાવેલા વંધ્યીકરણના ઓપરેશનને કારણે ફરીથી માતૃત્વ માટે જરૂરી તબીબી પ્રક્રિયા જટિલ હતી અને ખાનગી હોસ્પિટલમાં આ પ્રકારની સર્જરીનો ખર્ચ પણ વધુ હોવાથી તેમના માટે મુશ્કેલી ઊભી થઈ હતી.આ પરિસ્થિતિમાં તેઓ સાવરકુંડલા સરકારી હોસ્પિટલમાં સ્ત્રીરોગ નિષ્ણાત તરીકે સેવા આપતા ડૉ. રિયા મેડમના સંપર્કમાં આવ્યા હતા. તબીબી તપાસ બાદ મહિલાની અગાઉ બંધ કરવામાં આવેલી ફેલોપિયન ટ્યુબને પુનઃજોડાણ કરી કાર્યરત કરવાની ટ્યુબલ રીકેનલાઈઝેશન (T u b a l Recanalization) નામની જટિલ સર્જરી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.સાવરકુંડલા સરકારી હોસ્પિટલમાં તબીબોની નિષ્ણાત ટીમ દ્વારા આ જટિલ ઓપરેશન સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું હતું. આ સર્જરીમાં સર્જન તરીકે ડૉ. રિયા, એનેસ્થેટિસ્ટ તરીકે ડૉ. હસમુખ તથા ડૉ. કુલદીપ અને નર્સિંગ સ્ટાફમાંથી શાંતાબેન મકવાણાએ મહત્વપૂર્ણ સેવા આપી હતી.આ અંગે ઓપરેશન થિયેટર ઈન્ચાર્જ મહેશભાઈએ જણાવ્યું હતું કે, સરકારી હોસ્પિટલમાં ઉપલબ્ધ તબીબી સેવાઓ અને નિષ્ણાત તબીબોની ટીમ દ્વારા જટિલ ઓપરેશનો પણ સફળતાપૂર્વક કરવામાં આવી રહ્યા છે. જેના કારણે સામાન્ય અને જરૂરિયાતમંદ દર્દીઓને ખાનગી હોસ્પિટલમાં થતા મોટા ખર્ચમાંથી રાહત મળી રહી છે.સાવરકુંડલા સરકારી હોસ્પિટલમાં તબીબો તથા સમગ્ર આરોગ્ય ટીમની કામગીરીને કારણે દર્દીઓને ગુણવત્તાસભર સારવાર સ્થાનિક સ્તરે જ મળી રહી છે, જે આરોગ્ય સેવાઓની દિશામાં મહત્વપૂર્ણ બાબત બની રહી છે.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 21/09/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# વિશ્વાસ ઓટો કન્સલ્ટ

## મોડલ ૨૦૧૩ થી ૨૦૨૬ સુધીના તમામ કારની કંપનીના મોડલ હાજરમાં...

### હવેથી નવા સરનામે

### એક્યુરેટ હીરોના શો રૂમની સામે, મહુવારોડ, સાવરકુંડલા




**સેકન્ડ ગાડીમાં લોન પણ કરી આપવામાં આવશે.**

ક્રેટા, સ્વીફ્ટ, ઈકો, વેગન આર, બ્રીઝા, સ્વીફ્ટ ડીઝાયર, આઈ- 10, આઈ-20, સ્કોર્પિયો, બોલેરો, અર્ટીગા, બલેનો, વોકસ વેગન, વેન્ટો, જેવી તમામ પ્રકારની ગાડી લેવા તથા વેચવા માટે મળો...

નવી ગાડી લેવા જતા પહેલા અમારા શો રૂમની મુલાકાત લેશો.

**એકસીડેન્ટ વગરની ગાડીનો 100% વિશ્વાસપાત્ર એકમાત્ર શો રૂમ..**

**આપ કંપનીમાં પણ ચેક કરી શકો છો...**

હાજી ઈમરાનભાઈ એસ. શેખાણી
મો. 98248 17492

હાજી અમજદભાઈ એસ. શેખાણી
મો. 95742 02753

જુનેદભાઈ એસ. શેખાણી
મો. 97235 95955

ક્રેડ્રે NEWS

તારીખ : 21/09/2026

# કાણકિયા કોલેજ ખાતે સીપીઆર તાલીમ તથા થેલેસેમીયા જાગૃતિનો કાર્યક્રમ યોજાયો





શ્રી નૂતન કેળવણી મંડળ સાવરકુંડલા સંચાલિત શ્રી વી.ડી.કાણકિયા આર્ટ્સ અને શ્રી એમ.આર.સંઘવી કોમર્સ કોલેજ ખાતે તા. 21 સપ્ટેમ્બર 2026ને સોમવારના રોજ કોલેજ તથા રેડક્રોસ સોસાયટી સાવરકુંડલા બ્રાન્ચના સંયુક્ત ઉપક્રમે કોલેજના તમામ વિદ્યાર્થીઓ માટે આરોગ્યલક્ષી સીપીઆર તાલીમનો કાર્યક્રમ યોજાયો હતો. આ ઉપરાંત પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે થેલેસેમીયા જાગૃતિ સેમિનાર પણ યોજવામાં આવ્યો હતો.કાર્યક્રમની શરૂઆત સર્વધર્મ સમૂહપ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ કોલેજના પ્રિન્સિપાલશ્રી ડૉ. એસ. સી. રવિયા દ્વારા કાર્યક્રમના હેતુઓ સ્પષ્ટ કરવામાં આવ્યા હતા. તેમણે વર્ષ 2005-06થી સાવરકુંડલા તાલુકામાં કાર્યરત રેડક્રોસ સોસાયટીના ચેરમેન ડૉ.જે.બી.વડેરા તથા અન્ય ડોક્ટરોનો પરિચય આપ્યો હતો. ઉપરાંત રેડક્રોસની આરોગ્યલક્ષી સેવાકીય કામગીરીની સરાહના કરી હતી તેમ જ ટ્રેનર તરીકે પધારેલ રેડક્રોસ સોસાયટીના સેક્રેટરી શ્રી મેહુલભાઈ વ્યાસનો વિશેષ પરિચય આપ્યો હતો. દર વર્ષે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી સાવરકુંડલા બ્રાન્ચના નેજા હેઠળ કોલેજ ખાતે "યુથ રેડક્રોસ ક્લબ"ની રચના કરવામાં આવે છે અને તેમાં વિદ્યાર્થીઓને રિકવરી પોઝિશન તથા સીપીઆરની તાલીમ આપવામાં આવે છે. આ તાલીમના કારણે વિદ્યાર્થીઓ કોઈ પણ વિપરીત પરિસ્થિતિમાં કોઈ પણ આપત્તિગ્રસ્ત વ્યક્તિને તાત્કાલિક સારવાર આપી શકે છે અને જીવ પણ બચાવી શકે છે. શ્રી મેહુલભાઈ વ્યાસ દ્વારા થિયરીકલ અને પ્રેક્ટીકલ ડેમો દર્શાવીને સીપીઆરની તાલીમ આપવામાં આવી.કાર્યક્રમના ઉતરાર્ધમાં ડો. એસ. સી. રવિયાએ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને થેલેસેમીયા સંદર્ભે માર્ગદર્શિત કર્યા હતા અને જણાવ્યું હતું કે આ રીપોર્ટનો બહારની લેબોરેટરીમાં હજાર રૂપિયાથી વધુ ખર્ચ થાય છે જ્યારે વિદ્યાર્થીઓ માટે દોઢસો થી બસો રૂપિયા લેવામાં આવતા હોય છે. પરંતુ દર વર્ષની જેમ આ વર્ષે પણ દાતાની સહાયથી વિદ્યાર્થીઓ માટે સાવ નિઃશુલ્ક રહેશે. તેમણે થેલેસેમીયા રીપોર્ટ નું મહત્વ પણ સમજાવ્યું હતું. તા. 26મી સપ્ટેમ્બર 2026ને શનિવારે કોલેજ ખાતે આ થેલેસેમીયા મેગા કેમ્પ યોજાશે એવી જાહેરાત પણ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંકલન અને સંચાલન કોમર્સ વિભાગના અધ્યાપક અને રેડક્રોસ સોસાયટીના કો-ઓર્ડીનેટર ડૉ. એચ.આર.દેસરાણી દ્વારા કરવામાં આવ્યું. કોલેજના આશરે 500 થી વધુ વિદ્યાર્થીઓએ આ તાલીમનો લાભ લીધો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે અધ્યાપકોએ તથા નોન ટીચીંગ સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 21/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## હા...હા... ઘર આંગણાની ઓફર જે તમને બનાવશે માલામાલ...

# ડબલ ધમાકા કાર ઓફર-૨૦૨૭




T & C APPLY*

કુલ ઈનામો ૫૫૧

₹ ૭૫૦૦ 'ફ્રી'
ખરીદી પર એક માલામાલ કુપન ફ્રી

તા. ૧૬-૦૭-૨૦૨૬ થી તા. ૩૧-૧૨-૨૦૨૬ સુધી માન્ય...

તો રાહ કોની જુઓ છો?? ચમકાવો નસીબ અને બનો માલામાલ!!!

## સોનિક® જ્વેલર્સ લી.

હવેલી શેરી, સાવરકુંડલા. ફોન : ૨૨૩૨૯૦, મો. ૬૩૫૪૧ ૦૯૪૦૮

કે. કે. NEWS
તારીખ : 21/09/2026

# શ્રી કે. કે. હાઈસ્કૂલ, સાવરકુંડલામાં ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા-2026 યોજાઈ



શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રી કે. કે. હાઈસ્કૂલ, સાવરકુંડલા ખાતે વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિ, પરંપરા, મૂલ્યો અને રાષ્ટ્રીય વારસાની સમજ વિકસે તે હેતુથી ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા-2026 નું આયોજન કરવામાં આવ્યું હતું.શાળાના પ્રાર્થના હોલ ખાતે યોજાયેલી આ પરીક્ષામાં કુલ 80 વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓએ ભારતીય સંસ્કૃતિ, મહાન પરંપરાઓ, ઐતિહાસિક વારસો અને જીવનમૂલ્યો આધારિત પ્રશ્નોના જવાબ આપી પોતાના જ્ઞાનનું મૂલ્યાંકન કર્યું હતું.પરીક્ષાનું સુચારુ સંચાલન શ્રી કમલેશભાઈ ગોંડલિયા દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે શ્રી પ્રકાશભાઈ પટેલ દ્વારા સહાયક તરીકે મહત્વપૂર્ણ સહયોગ આપવામાં આવ્યો હતો.આચાર્ય શ્રી ચેતનકુમાર ગુજરીયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ પ્રવૃત્તિ વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિ પ્રત્યે ગૌરવ, જિજ્ઞાસા અને મૂલ્યનિષ્ઠા વિકસાવવામાં પ્રેરણાદાયી બની હતી.

A 4 પેકેટ
₹ 180
થી શરૂ
મીનીમમ 10 પેકેટ
દોશી કાંતિલાલ દલીચંદ
દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 21/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



ક્રે.ડૈ NEWS

તારીખ : 21/09/2026

# એશિયન ગેમ્સ-૨૦૨૬માં ભારતીય સોફ્ટ ટેનિસ ટીમ સાથે મુલાકાત

## Aichi-Nagoya ખાતે રમતગમત મંત્રી મનસુખ માંડવિયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા તથા પી.ટી. ઉષા સહિતના અગ્રણીઓએ ખેલાડીઓને શુભેચ્છા પાઠવી

જાપાનના Aichi-Nagoya ખાતે યોજાઈ રહેલી એશિયન ગેમ્સ-૨૦૨૬ દરમિયાન રમતગમત મંત્રીશ્રી મનસુખ માંડવિયા, સાવરકુંડલા-લીલીયા વિધાનસભાના ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા, ભારતીય ઓલિમ્પિક સંઘનાં અધ્યક્ષશ્રીમતી પી.ટી. ઉષા તથા અન્ય અધિકારીઓએ ભારતની સોફ્ટ ટેનિસ ટીમ સાથે મુલાકાત કરી હતી.આ પ્રસંગે ભારતીય ખેલાડીઓ સાથે આત્મીય મુલાકાત કરી તેમની તૈયારી અને રમતગમત પ્રત્યેના જુસ્સાને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. દેશનું પ્રતિનિધિત્વ કરી રહેલા ખેલાડીઓમાં આત્મવિશ્વાસ વધે અને તેઓ આંતરરાષ્ટ્રીય મંચ પર શ્રેષ્ઠ પ્રદર્શન કરી દેશનું ગૌરવ વધારે તે માટે સૌએ શુભેચ્છાઓ પાઠવી હતી.






નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 21/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



Organised by: HEADWAY BUSINESS SOLUTIONS LLP Solution@100%

www.headway.guru

908 1 24 1 916








# અરે... વાહ...

# ૯,૯૯૯ સુધી

## કરોડોની કિંમતના ઈનામો!

## હા, સાચું વાંચ્યું.

# તે પણ માત્ર ₹ ૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી કે એક્સચેન્જ પર*

તો રાહ કોની જુવો છો, ઘરેણાં સાથે ચમકાવો નસીબ

ઓફરઃ ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ થી ૨૫ ડિસેમ્બર ૨૦૨૬ સુધી જ લાગુ.

*શરતો લાગુ

GJ શ્રી ગોકુલ જ્વેલર્સ

હવેલી શેરી, સાવરકુંડલા. 222195 95373 12695

તારીખ : 21/09/2026

# પૂ મોરારિબાપુ કથિત "માનસ સનાતન ધર્મ"કથાનું સારદોહન સંપાદનનું લોકાર્પણ આગરામાં-- પુસ્તક સંપાદન તખુભાઈ સાંડસુરે કર્યું



પૂ મોરારિબાપુ શ્રી મુખેથી પ્રવાહી થઈ રહેલ રામકથા" માનસ ઋષિ પંચમી" ઉત્તર પ્રદેશના આગ્રા ખાતે ગવાઈ રહી છે.તા 20/9 ના રોજ કથાના છઠ્ઠા દિવસે ત્રણ ગ્રંથોનું વ્યાસપીઠને બ્રહ્માર્પણ થયું. જેમાં પૂ મોરારિબાપુના શ્રીમુખથી ગવાયેલી રામકથા 'માનસનાતન ધર્મ' દિલ્હીને શબ્દદેહ આપીને પુસ્તક સ્વરૂપે તખુભાઈ સાંડસુરે સંપાદિત કરેલું પુસ્તક 'માનસનાતન ધર્મ' લોકાર્પણ કરવામાં આવ્યું. શ્રી તખુભાઈ સાંડસુર પત્રકારત્વ, શિક્ષણ અને પર્યાવરણ જેવા વિષયો સાથે જોડાયેલા છે.તેમના સંપાદિત અને લિખિત કુલ 12 જેટલા પુસ્તકો છે. પૂજ્ય મોરારિબાપુએ આ ગ્રંથને આશીર્વાદ આપીને પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી હતી.કવિ શ્રી નિતીન વડગામા સાથે જોડાયાં હતાં.

તારીખ : 21/09/2026

કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


શ્રી ગણેશાય નમઃ — જય મહાકાળી માતાજી

# શ્રી જગદંબા ઈટાલીયન માર્બલ પેસ્ટ

## ધાબા (અગાસી)માં લાદી, ટાઈલ્સ અને ચાઈના મોઝેકથી છુટકારો



**ઘર બહાર પ્રુફીંગ માલ મટીરીયલ સાથે કામ કરી આપવામાં આવશે.**

### -: ફાયદા :-

ઘરમાં પાણી ટપકતું હોય તો બંધ થઈ જશે ગરમીમાં એ.સી. જેવી ઠંડક વરસાદમાં વોટર પ્રુફ સીલીંગમાં પાણી ટપકતું હોય તો બંધ કરે છે તેમજ ધાબા આયુસ્ય વધારે છે. આનો ઉપયોગ દરેક રીતે કરી શકાય છે.

### -: માર્બલ પેસ્ટ શું છે ? જસ ધ્યાનથી વાંચો :–

**રાજસ્થાન કુશળ કારીગરો દ્વારા કલર, ચુના, ભેજથી છુટકારો (આપ કલર કરવવા ઈચ્છો છો ?)**

સાંભળો છો ઘરમાં ચુનો અથવા કલર કરવાનો વિચાર કર્યો છે ?
હા ભાગ્યવાન મેં વિચાર કરી લીધો છે. / હે શું વિચાર કર્યો છે.
માર્બલ પેસ્ટ કરવાનો વિચાર કર્યો છે.

### -: માર્બલ પેસ્ટ શું છે ? ભાગ્યવાન જરા ધ્યાનથી સાંભળો :-

માર્બલ પેસ્ટ દિવાલ અને સિલીંગને મજબુત કરવાનું કેમીકલ છે. દિવાલ અને સિલીંગમાં લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે. માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ આવતો નથી. દર વર્ષે કરાવવો પડતો નથી. ૫ વર્ષની વોરંટી લેખિતમાં આપવામાં આવે છે. તમારા ઘરમાં ચુનો હોય તો તેને કાઢી નાખવો પડે, ના નિકળે તો ઝીણા ટાંચા પાડવા પડે પછી તેની ઉપર લીકવીડ કેમીકલ લાગે અને તે લગાવ્યા પછી માર્બલ જેવું લીસું થઈ જશે. ત્યાર બાદ તેની ઉપર માર્બલ આપની મનપસંદ ડીઝાઈનમાં પાડવામાં આવે છે. નવા મકાનમાં લાપી કરાવવાની જરૂર પડતી નથી. માર્બલ પેસ્ટ દરેક ડીઝાઈનમાં બનાવી આપવામાં આવશે.

**વોટરપ્રુફીંગ સ્પેશ્યાલીસ્ટ માર્બલ પેસ્ટ વરસાદમાં કરવાથી વાંધો આવતો નથી.**

ફક્ત એક જ ફોન કરો, માણસ તમારે ત્યાં આવી જશે, વિઝીટ ચાર્જ લેવામાં આવતો નથી

## મો. 93340 91430

કે.ડી. NEWS

તારીખ : 21/09/2026

# ઝૂંપડપટ્ટીના બાળકોને અલ્પાહાર કરાવી ચિ. ગોપાલ કારીયાનો 21મો જન્મદિવસ ઉજવાશે



ચલાલા : ચલાલા કારીયા પરિવારના લાડકવાયા અને સાગર ટ્રાવેલ્સના માલીક તથા વરિષ્ઠ પત્રકાર શ્રી વિપુલભાઈ વનમાળીદાસ કારીયાના સુપુત્ર ચિ. ગોપાલ કારીયા કાલે સફળતાપૂર્વક 20 વર્ષ પૂર્ણ કરી 21મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે. તેમના જન્મદિવસની ઉજવણી સેવાકીય ભાવના સાથે યાદગાર રીતે કરવામાં આવશે. જન્મદિવસ નિમિત્તે ઝૂંપડપટ્ટીના બાળકોને અલ્પાહાર કરાવી ગોપાલ કારીયા દ્વારા માનવસેવાનો સુંદર સંદેશ આપવામાં આવશે. ત્યારબાદ કારીયા પરિવાર દ્વારા કેક કાપી ગોપાલને જન્મદિવસની શુભકામનાઓ તથા આશીર્વાદ પાઠવવામાં આવશે.આ પ્રસંગે ગોપાલના પિતા શ્રી વિપુલભાઈ, માતા નિશાબેન, બા શારદાબા, મોટા પિતા શ્રી પ્રકાશભાઈ કારીયા, મોટા માતા ગીતાબેન કારીયા, કાકા નિલેશભાઈ, ભાઈઓ દિશાંત, દીપ, હર્ષિલ, બહેનો યાના, ખુશી, કાવ્યા, અનાયશા, ફોઈઓ વર્ષાબેન, નીકિતાબેનગણાત્રા, ભાભી ભાગ્યશ્રીબેન, શાપુરવાળા મામા પ્રકાશભાઈ સહિત પરિવારજનો, સગા-સંબંધીઓ અને સ્નેહીજનો ગોપાલને જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે રૂડા આશીર્વાદ આપશે.સેવા સાથે ઉજવાતો આ જન્મદિવસ ગોપાલ કારીયા માટે જીવનભર યાદગાર બની રહે તેવી શુભકામનાઓ સાથે...

તારીખ : 21/09/2026
નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# વાંકા-ચુકા દાંતની સારવારનાં નિષ્ણાંત

## અમરેલી જિલ્લાનાં એકમાત્ર M.D.S.

# ડો. દેવાંગ બી. પંડયા

**B.D.S., M.D.S.(orthodontics)**
**Double-Slot System (Brazil)**



દાંત, મોં તથા જડબાને લગતાં તમામ રોગોની સારવાર માટેની એકમાત્ર હોસ્પિટલ

# દેવ ડેન્ટલ ક્લિનીક & ઇમ્પ્લાન્ટ સેન્ટર

**સમય : સવારે ૯ થી ૧ / સાંજે ૪ થી ૮**


સ્થળ : ઇન્દુ પ્લાઝા કોમ્પ્લેક્ષ, મણીભાઇ ચોક, સાવરકુંડલા. મો. ૭૭૭૭૯ ૧૧૦૦૭

કે.ડી. NEWS

તારીખ : 21/09/2026

# આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસ નિમિત્તે શાંતિ, સૌહાર્દ અને માનવતાનો સંદેશ

દર વર્ષે 21 સપ્ટેમ્બરે આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસની ઉજવણી કરવામાં આવે છે. વિશ્વભરમાં શાંતિ, એકતા, ભાઈચારો અને માનવતાના મૂલ્યોને પ્રોત્સાહન આપવાના હેતુથી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.શાંતિ માત્ર યુદ્ધનો અભાવ નથી, પરંતુ સમાજમાં પરસ્પર સન્માન, સહિષ્ણુતા, સંવાદ અને સૌહાર્દપૂર્ણ સહઅસ્તિત્વની ભાવના પણ શાંતિનો મહત્વપૂર્ણ ભાગ છે. આજના સમયમાં વ્યક્તિથી લઈને સમગ્ર સમાજ સુધી દરેક સ્તરે મતભેદોને સંવાદથી ઉકેલવા અને એકબીજા પ્રત્યે પ્રેમ તથા આદરની ભાવના જાળવવી જરૂરી બની છે.આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસ નિમિત્તે *"શાંતિથી સમૃદ્ધિ, એકતાથી પ્રગતિ"*ના સંદેશ સાથે સમાજમાં શાંતિ, ભાઈચારો અને માનવતાના મૂલ્યોને વધુ મજબૂત બનાવવાનો સંકલ્પ લેવાય તે સમયની માંગ છે.




એ ગ્રેડ ક્વોલીટીનાં
65 GSM Rs. 180 મીનીમમ 10 પેકેટ
70 GSM Rs. 195 મીનીમમ 10 પેકેટ
80 GSM Rs. 305
A4 પેકેટ
તમામ પેકેટો હાજરમાં
SINCE 1923 KD NEWS PAPER
દોશી કાંતિલાલ દલીચંદ
દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ


# કે.ડી. NEWS

તારીખ : 21/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



કે.ડી. NEWS
તારીખ : 21/09/2026

# બળેલ પીપરીયામાં ધોધમાર વરસાદથી સ્થાનિક નદીમાં ઘોડાપૂર

## એક કલાકમાં 4 ઈંચ જેટલો વરસાદ ખાબક્યાનો અંદાજ, નીચાણવાળા વિસ્તારો અને બજારોમાં નદીની માફક પાણી વહ્યાં



અમરેલી જીલ્લાના બાબરા પંથકમાં છેલ્લા કેટલાક સમયથી મેઘરાજા મહેરબાન બન્યા હોય તેમ વિવિધ વિસ્તારોમાં વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. દરમિયાન રવિવારે બળેલ પીપરીયા ગામમાં અચાનક ધોધમાર વરસાદ તૂટી પડતાં સમગ્ર ગામમાં પાણી પાણી થઈ ગયું હતું.ટૂંકા સમયગાળામાં પડેલા ભારે વરસાદને પગલે ગામની સ્થાનિક નદીમાં ઘોડાપૂર આવ્યું હતું અને નદીમાં ધસમસતો પાણીનો પ્રવાહ જોવા મળ્યો હતો. ભારે વરસાદના કારણે ગામના નીચાણવાળા વિસ્તારો તેમજ મુખ્ય બજારોમાં રસ્તાઓ પર નદીની માફક પાણી વહેવા લાગ્યું હતું.અચાનક પડેલા ધોધમાર વરસાદને કારણે અનેક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જતાં સામાન્ય જનજીવન પ્રભાવિત થયું હતું અને લોકોને અવરજવરમાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. રસ્તાઓ પર પાણીના પ્રવાહના દૃશ્યો જોવા મળ્યા હતા.

કે.કે. NEWS

તારીખ : 21/09/2026

# વિકસિત ભારત-2047 તથા સેવા અને સુશાસન અંતર્ગત વક્તૃત્વ અને ચિત્ર સ્પર્ધાનું આયોજન



સાવરકુંડલા: શ્રી નૂતન કેળવણી મંડળ, સાવરકુંડલા સંચાલિત શ્રી કે.કે. હાઈસ્કૂલ, સાવરકુંડલા ખાતે 'વિકસિત ભારત-2047' તથા 'સેવા અને સુશાસન' અંતર્ગત વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રપ્રેમ, સર્જનાત્મકતા, વક્તૃત્વ કૌશલ્ય અને જવાબદાર નાગરિકતાની ભાવના વિકસે તે હેતુથી વક્તૃત્વ અને ચિત્ર સ્પર્ધાનું આયોજન તથા પ્રદર્શન કરવામાં આવ્યું હતું.માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વક્તૃત્વ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ વિકસિત ભારતના નિર્માણમાં યુવાનોની ભૂમિકા, સેવા, સુશાસન, નાગરિક જવાબદારી અને રાષ્ટ્ર વિકાસ જેવા વિષયો પર પોતાના વિચારો અસરકારક રીતે રજૂ કર્યા હતા. જ્યારે ચિત્ર સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ પોતાની કલ્પનાશક્તિ અને કલાત્મક પ્રતિભા દ્વારા વિકસિત ભારત તથા સુશાસનના વિવિધ આયામોને રંગો અને રેખાઓના માધ્યમથી સુંદર રીતે રજૂ કર્યા હતા.સ્પર્ધામાં રજૂ થયેલ ચિત્રોનું પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું, જેને વિદ્યાર્થીઓ તથા શાળા પરિવાર દ્વારા રસપૂર્વક નિહાળવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમથી વિદ્યાર્થીઓમાં દેશના વિકાસ પ્રત્યે જાગૃતિ અને સકારાત્મક વિચારધારાને પ્રોત્સાહન મળ્યું હતું.આ સમગ્ર પ્રવૃત્તિનું આયોજન શ્રી આપાભાઈ માંજરીયા અને શ્રી તૃપ્તિબેન ભરાડ દ્વારા કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે પ્રમુખશ્રી ચંદ્રિકાબેન ઘેલાણી, ઉપપ્રમુખશ્રી કનુભાઈ ગેડિયા, મેનેજિંગ ટ્રસ્ટીશ્રી મુકુંદભાઈ નાગ્રેચા તથા સમગ્ર ટ્રસ્ટ દ્વારા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. કાર્યક્રમના માર્ગદર્શક આચાર્ય શ્રી ચેતનકુમાર ગુજરીયા દ્વારા વિદ્યાર્થીઓને આવી રચનાત્મક અને રાષ્ટ્રનિર્માણલક્ષી પ્રવૃત્તિઓમાં સતત જોડાઈ રહેવા પ્રેરણા આપવામાં આવી હતી.



તારીખ : 21/09/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




કે.ડી. NEWS

તારીખ : 21/09/2026

# "લીલીયાથી હિમાલય સુધી: ધ્રુવિબેનના સાહસે વધાર્યું કૉલેજનું ગૌરવ"







સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, લીલીયાની એન.સી.સી. યુનિટની તેજસ્વી કેડેટ ડાભસરા ધ્રુવિબેન બિપીનભાઈએ અરુણાચલ પ્રદેશ સ્થિત National Institute of Mountaineering and Allied Sports (NIMAS) ખાતે તા. ૧૫ ઓગસ્ટથી ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન યોજાયેલા એક મહિનાના સાહસિક Adventure Campને સફળતાપૂર્વક પૂર્ણ કરી કૉલેજનું ગૌરવ વધાર્યું છે.કેમ્પ દરમિયાન ધ્રુવિબેને ૧૬,૪૬૦ ફૂટની ઊંચાઈએ ગ્લેશિયર ટ્રેકિંગ, રૉક અને વૉલ ક્લાઈમ્બિંગ, રિવર ક્રોસિંગ, રોપ ટ્રાવર્સલ તેમજ સર્વાઈવલ અને એન્ડ્યુરન્સ ટ્રેનિંગ જેવી પડકારજનક પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.કઠિન હવામાન અને વિષમ પરિસ્થિતિઓ વચ્ચે કેડેટે સાહસ, શિસ્ત, આત્મવિશ્વાસ, ટીમવર્ક અને નેતૃત્વ ક્ષમતાનું ઉત્તમ પ્રદર્શન કર્યું હતું.આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ કૉલેજના આચાર્યશ્રી ડૉ. રાજેન્દ્રસિંહ રાઠોડ (GES Class-I) તથા એન.સી.સી. અધિકારી ડૉ. મહેશ ગઢિયા દ્વારા ધ્રુવિબેનને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. સમગ્ર કૉલેજ પરિવારે પણ તેમની સફળતા બદલ હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી."સાહસ અને સંકલ્પથી સર કરેલું દરેક શિખર સફળતાની નવી ઊંચાઈ બને છે."

તારીખ : 21/09/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923
KD
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

વ્યવસાય વારસામાં મળી શકે પરંતુ

## બ્રાન્ડ તો બનાવવી જ પડે..




ડીઝીટલ પ્લેટફોર્મ પર
હરણફાળ ભરનાર
પ્રકાશ પ્રિન્ટર્સ®
હંમેશા એક કદમ આગળ...

તમારો પોતાનો ધંધો ઓનલાઈન લોન્ચ કરો
અને બનાવો તમારા પોતાના

**ધંધાની ડીઝીટલ પ્રોફાઈલ**

દરેક ધંધાર્થીનું ડીઝીટલ હાઉસ

પ્રતિ વર્ષ માત્ર **299** + GST

તમારા બિઝનેસને આપો

## એક નવી ડિજિટલ ઓળખ !

- તમારા બિઝનેસની પોતાની Digital Business Profile
- તમારી પ્રોફાઈલની પોતાની Shareable Link
- Unlimited Categories & Products ઉમેરવાની સુવિધા
- તમારા બિઝનેસ માટે Video Gallery
- Customer Reviews દર્શાવવાની સુવિધા
- WhatsApp Direct Contact ની સુવિધા
- Google Map Location ઉમેરવાની સુવિધા
- તમારી માહિતી જાતે Edit & Update કરવાની સુવિધા
- તમારી Digital Profile માટે QR Code
- Digital Visiting Card બનાવવાની સુવિધા
- Mobile, Laptop અને Tablet દરેક ડિવાઈસમાં સરળતાથી જોઈ અને ઉપયોગ કરી શકાય

: વધુ માહિતી માટે સંપર્ક :

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા. મો. 94095 45745

પ્રકાશ પ્રિન્ટર્સ એપ્લિકેશનની 10000 થી વધુ મેમ્બરોની ઉપસ્થિતિ એ જ ઉપલબ્ધિ

ડીઝીટલ એપ્લિકેશનની ભવ્ય સફળતા બાદ

નવા પોર્ટલ માટે લોકાતુર ધંધાર્થીઓ, ગૃહ ઉદ્યોગ તેમજ સેલ્સમેનોની આતુરતાનો અંત....

તારીખ : 21/09/2026

# અમરેલી મહેસૂલી વિભાગના કર્મચારી અંજલિબેન પ્રજાપતિના પરિવારને રૂ. 34.58 લાખની સહાય

## ગુજરાત રાજ્ય મહેસૂલી કર્મચારી મહામંડળની માનવતાભરી પહેલ, રાજ્યભરના કર્મચારીઓનો સહયોગ

**અમરેલી મહેસૂલી વિભાગમાં ફરજ બજાવતા કર્મચારી અંજલિબેન પ્રજાપતિના દુઃખદ અવસાન બાદ તેમના પરિવારને આર્થિક સહાય મળી રહે તે માટે ગુજરાત રાજ્ય મહેસૂલી કર્મચારી મહામંડળ દ્વારા સહાય એકત્ર કરવામાં આવી હતી.**



રાજ્યભરના મહેસૂલી કર્મચારીઓ પાસેથી ફાળો એકત્ર કરી કુલ રૂ. 34 લાખ 58 હજારની સહાય પરિવારને અર્પણ કરવામાં આવી હતી. જેમાં વ્યક્તિદીઠ રૂ. 500ના ફાળા સહિત કુલ 749 કર્મચારીઓનો સહયોગ રહ્યો હતો. એકત્ર થયેલી રકમમાં રૂ. 33 લાખ 26 હજાર 249ના ચેક તથા રૂ. 1 લાખ 32 હજાર રોકડનો સમાવેશ થાય છે.આ સેવાકીય અને માનવતાભરી કામગીરીમાં અમરેલી જિલ્લા મહેસૂલી કર્મચારી મંડળે પણ સહયોગ આપ્યો હતો. જિલ્લા પ્રમુખ હુરેશભાઈ વાળાના માર્ગદર્શન હેઠળ મહેસૂલી કર્મચારીઓએ યથાશક્તિ ફાળો આપી અંજલિબેનના પરિવારને આર્થિક સહારો પૂરો પાડ્યો હતો.ગુજરાત રાજ્ય મહેસૂલી કર્મચારી મહામંડળ દ્વારા તમામ સહયોગી કર્મચારીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ સમગ્ર પહેલ કર્મચારી એકતા, સંવેદના અને માનવતાનું ઉત્તમ ઉદાહરણ બની છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 21/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


એનિવર્સરી કેક - બેબીશાવર કેક - સગાઈ કેક
ફોન્ડન્ટ કેક - મેક અપ કીટ કેક - ફોટો કેક



અઢળક કેકની વેરાયટીઓ

New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ ની તમામ આઈટમ મળશે..

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં તેમજ ડેડોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

કે.ડી. NEWS

તારીખ : 21/09/2026

# લાઠી પેન્શનર સમાજ દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે ગાયત્રી યજ્ઞ યોજાયો



અમરેલી જીલ્લાના લાઠી શહેરના પેન્શનર સમાજની કચેરી ખાતે ધાર્મિક માહોલ વચ્ચે ગાયત્રી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. યજ્ઞવિધિ દરમિયાન વૈદિક પરંપરા મુજબ મંત્રોચ્ચાર સાથે હવનકુંડમાં આહુતિ અર્પણ કરવામાં આવી હતી. પેન્શનર સમાજના સભ્યો ઉત્સાહભેર જોડાતા કાર્યક્રમમાં સામૂહિક એક્તા અને ભાઈચારાની ભાવના જોવા મળી હતી. ગાયત્રી યજ્ઞની પૂર્ણાહુતિ બાદ ઉપસ્થિત સભ્યો માટે સહભોજન કરી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરી હતી.

કે.ડી. NEWS

તારીખ : 21/09/2026

# લાઠી સબ ડિવિઝનમાં હંગામી ફટાકડાના વેચાણ માટે લાયસન્સ મેળવવા તા. ૨૧ ઓક્ટોબર સુધીમાં અરજી કરવી

અમરેલી, તા.૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ - તા. ૮ નવેમ્બર, ૨૦૨૬ના રોજ દિવાળીના તહેવાર દરમિયાન લાઠી સબ ડિવિઝનમાં આવતા લાઠી અને બાબરા તાલુકામાં હંગામી-ટેમ્પરરી ફટાકડાનું વેચાણ કરવા ઈચ્છુક વેપારીઓએ ફટાકડાના સંગ્રહ અને વેચાણ માટે સુરક્ષિત સ્થળની વ્યવસ્થા કરી નિયત પ્રક્રિયા મુજબ લાયસન્સ મેળવવા અરજી કરવાની રહેશે.ફટાકડાના વેચાણ માટેના સ્થળે રહેણાંક મકાન તથા અન્ય સ્થળોથી ઓછામાં ઓછું ૫૦ મીટરનું અંતર જાળવવાનું રહેશે. તેમજ ફટાકડાના સ્ટોલની આસપાસ જ્વલનશીલ પદાર્થો ન હોય તથા સુરક્ષાના નિયમોનું પાલન થાય તે જરૂરી રહેશે. કામચલાઉ શેડમાં ફટાકડા રાખવા તથા વેચાણ કરવા માટે પણ નિયત ધોરણો મુજબ વ્યવસ્થા કરવાની રહેશે.લાયસન્સ મેળવવા માંગતા અરજદારોએ ફોર્મ નં. એ.ઈ. ૦૫માં અરજી કરવાની રહેશે. અરજદારોએ જરૂરી વિગતો સાથે અરજી રજૂ કરવાની રહેશે. સદરહુ લાયસન્સ મેળવવા માંગતા અરજદારોએ સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, લાઠી કચેરીને તા. ૨૧ ઓક્ટોબર, ૨૦૨૬ સુધીમાં અરજી કરવાની રહેશે.નિયત ફોર્મ એ.ઈ.૦૫માં ઠરેલ નમૂનામાં સંપૂર્ણ વિગતો સુચિત કરી અરજી કરવાની રહેશે તથા અરજીમાં સ્થળનો સચોટ નકશો દર્શાવી અરજદારની સહી સાથે સ્થળ દર્શાવતો નકશો જોડવાનો રહેશે, અરજી ઉપર રૂ. 3-00ની કોર્ટ ફી સ્ટેમ્પ લગાવવાની રહેશે. અરજી સાથે લાયસન્સ ફી રૂ. ૯૦૦/- ("00૭0-૬0-103-00") ના સદરે ચલણની નકલ તથા જરૂરી અન્ય દસ્તાવેજો જોડવાના રહેશે. સૂચિત સ્થળનો બ્લુ પ્રિન્ટ નકશો અરજદારની સહી સાથે અરજી સાથે ત્રણ નકલમાં રજૂ કરવાનાં રહેશે. સૂચિત સ્થળની માલિકી-ભાડા હક્ક ધરાવતા હોવા અંગેના આધાર-પુરાવા પણ નિયત અરજી સાથે જોડવાના રહેશે. અધૂરી વિગતો અથવા જરૂરી પુરાવા વિના રજૂ કરવામાં આવેલી અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહીં, તેમ સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, લાઠીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

કે.ડી. NEWS
તારીખ : 21/09/2026

# ચાર દાયકા બાદ અમૃતબા વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું 'વિસરાયેલી મિત્રતા' સંમેલન યોજાયું

## લીલીયા ખાતે યોજાયેલા સંમેલનમાં 200થી વધુ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા



અમરેલી જીલ્લાના લીલીયા ખાતે લેઉવા પટેલ સમાજની વાડીમાં શૈક્ષણિક વર્ષ 1977-78 દરમિયાન અમૃતબા વિદ્યાલયમાં અભ્યાસ કરનારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું 'વિસરાયેલી મિત્રતા' સંમેલન યોજાયું હતું. પીઢ કેળવણીકાર ભાનુભાઈ કાલાવડીયાની અધ્યક્ષતામાં યોજાયેલા આ સંમેલનમાં 200થી વધુ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમનો પ્રારંભ અધ્યક્ષ ભાનુભાઈ કાલાવડીયા, પીઢ શિક્ષણવિદ જયંતીભાઈ, આર.બી. પાઠક, પી.વી. ત્રિવેદી, આર.પી. દવે સહિતના મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યો હતો.ચાર દાયકા અગાઉ અમૃતબા વિદ્યાલયમાં સાથે અભ્યાસ કરનારા મિત્રો વર્ષો બાદ એક જ સ્થળે એકત્ર થતાં જૂની યાદો તાજી થઈ હતી અને શાળાકાળની મિત્રતાને ફરીથી જીવંત કરવાનો સુંદર અવસર સર્જાયો હતો. કાર્યક્રમના આયોજક કૌશિકભાઈ પંડ્યાએ આમંત્રિત મહેમાનોનું શાબ્દિક સન્માન કરી પુષ્પગુચ્છ અર્પણ કરી શાલ ઓઢાડી સન્માન કર્યું હતું.આ પ્રસંગે ઉપસ્થિત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ પરિચય ગોષ્ઠિ યોજી શાળાકાળની સંસ્મરણો વાગોળ્યા હતા. લીલીયા ઉપરાંત અમરેલી, રાજકોટ, અમદાવાદ, વડોદરા, સુરત, નવસારી, મુંબઈ, ભાવનગર સહિતના વિવિધ શહેરોમાંથી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.વર્ષો બાદ મિત્રોનું મિલન થતાં સંમેલન સમગ્ર દિવસ દરમિયાન લાગણીસભર વાતાવરણથી ભરપૂર રહ્યું હતું. ભૂતકાળની યાદોને વાગોળતા અને જૂની મિત્રતાને નવેસરથી જીવંત કરતા આ સંમેલનને ઉપસ્થિત સૌએ યાદગાર બનાવ્યું હતું.

## પ્રચાર નહીં તો વ્યાપાર નહીં...

# તમારા બિઝનેસ લાગો અને ડિટેલ સાથે પોસ્ટર મેળવો




# માત્ર 249 1 વર્ષ

**7 આકર્ષક ડીફોલ્ટ ફ્રેમ + 1 કસ્ટમ ફ્રેમ (આપની ચોઇસની)**


**વોટ્સેપ + ફેઇસબુક + ઈન્સ્ટાગ્રામ + સ્ટેટસ માટે**

સાથે મેળવો અમરેલી જિલ્લાની વોટ્સેપ તેમજ
કોલીંગ ડીરેકટરી અને આપનું પ્રિય પ્રકાશ મેળવો ....

એપ ડાઉનલોડ કરો અને
**2 દિવસ ડેમો ફ્રી મેળવો**

LIMITED OFFER

તો આજેજ ડાઉલોડ કરો આપનાં એન્ડ્રોઇડ મોબાઈલનાં પ્લેસ્ટોરમાં જઈને




# PRAKASH PRINTERS

વધારે માહીતી માટે સંપર્ક - 9409545745

કે.ડી. NEWS
તારીખ : 21/09/2026

# અમરેલી નગરપાલિકા દ્વારા તા. ૨૩ અને 30 સપ્ટેમ્બરના રોજ શહેરી સેવાસેતુ કાર્યક્રમનું આયોજન

ગુજરાત સરકાર દ્વારા રાજ્ય સરકારની વિવિધ પ્રજાલક્ષી યોજનાઓનો લાભ નાગરિકોને સતત મળતો રહે તેમજ વિવિધ સરકારી સેવાઓ નાગરિકોને તેમના રહેઠાણની નજીકના સ્થળે અને તે જ દિવસે ઉપલબ્ધ થઈ શકે તેવા ઉમદા હેતુથી નગરપાલિકા કક્ષાએ શહેરી સેવાસેતુ કાર્યક્રમના ૧૨માં તબક્કાનું આયોજન કરવામાં આવ્યું છે.જે અંતર્ગત અમરેલી નગરપાલિકા, કચેરી દ્વારા આગામી તા. ૨૩/૦૯/૨૦૨૬ના રોજ સવારે ૦૯:00 કલાકથી અમરેલી નગરપાલિકા કચેરી ખાતે તથા તા. 30/૦૯/૨૦૨૬ના રોજ સવારે ૦૯:00 કલાકથી જેશીંગપરા પટેલવાડી, શિવાજી ચોક ખાતે શહેરી સેવાસેતુ કાર્યક્રમ યોજાશે.અમરેલી શહેરના તમામ વોર્ડના નાગરિકો અને લાભાર્થીઓને આ સેવાસેતુ કાર્યક્રમનો લાભ લેવા તથા વિવિધ સરકારી સેવાઓનો લાભ મેળવવા અમરેલી નગરપાલિકા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

કે.ડી. NEWS
તારીખ : 21/09/2026

# અમરેલી જિલ્લા રોજગાર કચેરી દ્વારા ભાવનગર ખાતે તા. ૨૪ સપ્ટેમ્બરના રોજ ક્લસ્ટર ભરતીમેળાનું આયોજન

## ધોરણ ૧૦-૧૨ પાસથી લઈને સ્નાતક, અનુસ્નાતક અને ITI-ડિપ્લોમા લાયકાત ધરાવતા ઉમેદવારોને રોજગારીની તક

જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ભાવનગર તથા જિલ્લા રોજગાર કચેરી, અમરેલી અને બોટાદના સંયુક્ત ઉપક્રમે આગામી તા. ૨૪/૦૯/૨૦૨૬, ગુરુવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે ભાવનગરના મોતીબાગ ટાઉન હોલ સ્થિત શ્રી અટલ બિહારી ઓડિટોરિયમ હોલ ખાતે ક્લસ્ટર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે.આ ભરતીમેળામાં SSC, HSC, સ્નાતક, અનુસ્નાતક, I T I તથા ડિપ્લોમા જેવી શૈક્ષણિક લાયકાત ધરાવતા રોજગારવાંચ્છુ ઉમેદવારો માટે વિવિધ જગ્યાઓ પર ભરતીની તક ઉપલબ્ધ થશે. જેમાં મશીન ઓપરેટર, ટેકનિશિયન, સુપરવાઈઝર, ટ્રેનિંગ સેન્ટર મેનેજર, સેલ્સ એક્ઝિક્યુટિવ, રિલેશનશિપ મેનેજર, માર્કેટિંગ, કેરિયર એજન્ટ, લેબર, બ્રાન્ચ મેનેજર, આસિસ્ટન્ટ બ્રાન્ચ મેનેજર સહિતની વિવિધ જગ્યાઓનો સમાવેશ થાય છે.ઉપરોક્ત શૈક્ષણિક લાયકાત ધરાવતા રોજગારવાંચ્છુ ઉમેદવારોએ ભરતીમેળામાં રૂબરૂ મુલાકાત અને ઈન્ટરવ્યુ માટે પોતાના રિઝ્યુમની નકલ સાથે સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે. ભરતીમેળામાં ભાગ લેનાર નોકરીદાતાઓ, ઉપલબ્ધ જગ્યાઓ તથા જરૂરી શૈક્ષણિક લાયકાત અંગેની વિસ્તૃત માહિતી માટે રોજગારવાંચ્છુઓએ જિલ્લા રોજગાર કચેરી, અમરેલીની ટેલિગ્રામ ચેનલ EMP AMRELIની મુલાકાત લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 21/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# HAPPY BIRTHDAY



## પરેશભાઈ વડીયા

HAPPY BIRTHDAY


કે.કે. NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
12K
Reactions and plays
1,526 1,23,873
76 00 76 80 76
Reactions and plays
1,573 1,22,466
Reactions and plays
821 1,03,175
શ્રી ગોકુલ જ્વેલર્સ
Vishwa karma Industrials
Reactions and plays
887 1,01,645
Reels Friends
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634 94,382
Reactions and plays
1,149 99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 21/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરૂદેવ કહે છે...

"જે પ્રિય લાગે એને અપનાવી લેવું, મનની આ ખાસિયત ભલે રહી, પણ જે પ્રિય લાગતું હોવાની સાથે પવિત્ર પણ હોય એને જ અપનાવતા રહેવું આટલું ખાસ ધ્યાન રાખવું. નિંદક સાથે બેસી નહીં શકાય."




**આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ**



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 21/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
**Year2026**


Gurutattva

**3522**
**21/09/2026**
**Monday**

## आत्मा

गुरु का "नाम" ही वह नांव है। जो हमें इस भवसागर रूपी संसार से पार लगा देती है।

બાબાસ્વામી
૨૧/9/2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
**Email :** swamiji.office@gurutattva.org,
**Telegram : t.me/ShreeShivkrupanandSwami** **Whatsapp : Shivkrupanand Swami**

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 21/09/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## ગલગલીયા

ગ્રાહક: ભાઈ, ઉધાર મળશે?
દુકાનદાર: મળશે...
ગ્રાહક: તો આપો ને!
દુકાનદાર: પહેલા ઉધાર પાછું આપનારા કોઈને લઈને આવો!

---

ગ્રાહક: કંઈક એવું બતાવો કે પત્ની ખુશ થઈ જાય.
દુકાનદાર: સામે જે ATM છે ને...
ત્યાંથી શરૂઆત કરો!

---

ગ્રાહક: ભાઈ, આટલો મોંઘો ભાવ કેમ?
દુકાનદાર: સાહેબ, ભાવ સાંભળીને જે લોકોને ચક્કર આવે, એમના માટે બેસવાની ખુરશી મફત છે!

નો નેગેટીવ ન્યૂઝ
કે.ડી. NEWS
તારીખ : 21/09/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યૂઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યૂઝ...

# 21 સપ્ટેમ્બર

# મહત્વની ઘટનાઓ

૧૯૬૫ – માલ્ટાએ યુનાઈટેડ કિંગડમથી સ્વતંત્રતા મેળવી.

૧૯૬૫ – ગામ્બિયા, માલદીવ્સ અને સિંગાપુરને સંયુક્ત રાષ્ટ્રના સભ્ય તરીકે દાખલ કરવામાં આવ્યા.

૧૯૭૧ – બહેરીન, ભૂતાન અને કતાર સંયુક્ત રાષ્ટ્રમાં જોડાયા.

૧૯૭૬ – સેશેલ્સ સંયુક્ત રાષ્ટ્રમાં જોડાયું.

૧૯૮૧ – બેલિઝ યુનાઈટેડ કિંગડમથી સ્વતંત્રત થયું.

૧૯૮૪ – બ્રુનેઈ સંયુક્ત રાષ્ટ્રના સભ્ય તરીકે દાખલ કરવામાં આવ્યું.

૧૯૯૧ – આર્મેનિયાએ સોવિયેત યુનિયનથી સ્વતંત્રતા મેળવી.

## જન્મ

૧૯૧૦ – દિનકરરાય કેશવલાલ વૈદ્ય, મીનપિયાસી ઉપનામથી જાણીતા ગુજરાતી ભાષાના કવિ અને પક્ષીવિદ્ (અ. ૨000)

૧૯૩૯ – સ્વામી અગ્નિવેશ, ભારતીય દાર્શનિક, શિક્ષણવિદ્ અને રાજકારણી

૧૯૮૦ – કરીના કપૂર, ભારતીય અભિનેત્રી

## અવસાન

૧૭૪૩ – જય સિંહ દ્વિતીય, ભારતીય રાજા (જ. ૧૬૮૮)

૧૯૩૮ – આઈવાના બ્રલિચ માઝુરાનિચ, ક્રોએશિયન લેખિકા (જ. ૧૮૭૪)

૧૯૯૨ – તારાચંદ બડજાત્યા, (Tarachand Barjatya)ભારતીય ફિલ્મ નિર્માતા અને રાજશ્રી પ્રોડક્શન્સના સ્થાપક (જ. ૧૯૧૪)

## તહેવારો અને ઉજવણીઓ

આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસ

તારીખ : 21/09/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## વ્યાપારી માટે



## હોલસેલ ભાવે

## નાની-મોટી

## ચીઠ્ઠી બુક


## વિદ્યાર્થીઓ માટે

## રફ ચોપડા

તેમજ

લખવા માટેની

## કોરી પસ્તી



SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 21/09/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

## 94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 21/09/2026

SINCE 1923
KD
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના
# સાળંગપુરના આજના દર્શન



# કે.ડી NEWS

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




| | | | |
|---|---|---|---|
| 85K | 57K | 43K | 100K |

**સંપર્ક : મો. 94997 97973**